પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૩૪ | ૨ નવેમ્બર, ૨૦૨૦, સોમવાર; નિ. આસો વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાહત : જીએસટી કલેક્શન ૧ લાખ કરોડને પાર

## ઓક્ટોબરમાં કુલ જીએસટી કલેક્શન ૧,૦૫,૧૫૫ કરોડના સ્તરે પહોંચ્યુ : અર્થતંત્ર પાટે ચડી રહ્યું હોવાના પોઝિટિવ સંકેત, મહારાષ્ટ્રમાં જીએસટી કલેક્શન સૌથી વધુ ૧૫૭૯૯ કરોડ રહ્યું : ગુજરાતમાં ૧૫ ટકા વધારે જીએસટી કલેક્શન કરવામાં આવ્યું

ન્યુ દિલ્હી,તા.૧

આ વર્ષે ફેબ્રુઆરી બાદ પહેલી વખત ઓક્ટોબરમાં કુલ જીએસટી કલેક્શન ૧ લાખ કરોડને પાર થયું છે. ઓક્ટોબર ૨૦૨૦માં કુલ જીએસટી કલેક્શન ૧,૦૫,૧૫૫ કરોડ રૂપિયાના સ્તર પર પહોંચી ગયું હતું. તેમાંથી ૧૯૧૯૩ કરોડ રૂપિયા સીજીએસટી, ૨૫૪૧૧ કરોડ રૂપિયા એસજીએસટી અને ૫૨૫૪૦ કરોડ રૂપિયા આઈજીએસટીના છે. આઈજીએસટીમાં ૨૩૩૭૫ કરોડ રૂપિયા વસ્તુઓના આયાત પર વસુલ કરવામાં આવ્યો છે. સેસના રૂપે ૮૦૧૧ કરોડ રૂપિયાની વસુલી કરાઈ છે. જેમાં ૯૩૨ કરોડ રૂપિયા ઈમ્પોર્ટ્ડ ગુડ્સ પર લગાવવામાં આવેલા સેસમાંથી વસુલ કરવામાં આવ્યાં છે.

૩૧ ઓક્ટોબર સુધી ફાઈલ કરવામાં આવેલા કુલ જીએસટીઆર-૩બી રિટર્ન્સની સંખ્યા અંદાજે ૮૦ લાખ સુધી પહોંચી ચુકી છે. આઈજીએસટીમાં રેગ્યુલર સેટલમેંટના ભાગે સરકારે ૨૫૯૦૧ કરોડ રૂપિયાનો સીજીએસટી અને ૧૯૨૪૭ કરોડ રૂપિયાનો એસજીએસટીની ચૂકવણી કરી દીધી છે. ઓક્ટોબરમાં ચુકવણી કર્યા બાદ કેન્દ્ર સરકારા ભાગમાં કુલ સેટલમેન્ટની રકમ ૪૪૨૮૫ કરોડ રૂપિયા આવી છે. તો રાજ્યોના ભાગમાં એટલે કે એસજીએસટીના ભાગે ૪૪૮૩૯ કરોડ રૂપિયા આવ્યાં હતાં. પાછલા વર્ષે ઓક્ટોબરની તુલનામાં આ વર્ષે ઓક્ટોબરમાં કુલ જીએસટી રેવન્યુમાં ૧૦ ટકાનો વધારો થયો છે. આ મહિના દરમયાન આયાતના માધ્યમથી પ્રાપ્ત રેવન્યુ ૯ ટકાથી વધારે રહી છે. ડોમેસ્ટિક સ્તર પર લેણદેણના આધાર પર જોઈએ તો જીએસટી રેવન્યુમાં ૧૧ ટકાનો વધારો થયો છે. જુલાઈ, ઓગષ્ટ અને સપ્ટેમ્બરની તુલનામાં જીએસટી રેવન્યુનો ગ્રોથ ક્રમશઃ ૧૪, ૮ અને ૫ ટકા રહ્યો છે. આ આંકડાથી માનવામાં આવી રહ્યું છે કે, અર્થવ્યવસ્થા હવે ધીમે ધીમે પાટા પર આવી રહી છે. ઓક્ટોબર ૨૦૨૦માં મહારાષ્ટ્રમાં જીએસટી કલેક્શન સૌથી વધારે ૧૫૭૯૯ કરોડ રૂપિયા રહ્યું છે. જે બાદ કર્ણાટકમાંથી ૬૯૯૮ કરોડ રૂપિયા, તામિલનાડુમાં ૬૯૦૧ કરોડ રૂપિયા અને યુપીમાં ૫૪૭૧ કરોડ રૂપિયાનું જીએસટી કલેક્શન કરવામાં આવ્યું છે. ઓક્ટોબર ૨૦૧૯ કરતા ઓક્ટોબર ૨૦૨૦માં જમ્મુ કશ્મીરમાં ૨૧

● અનુસંધાન પાન-૭ પર

# શ્રીનગરમાં હિઝબુલ ચીફ કમાન્ડર સૈફુલ્લાહ ઠાર

## સૈફુલ્લાહ હિઝબુલ મુજાહિદ્દીનના આઈઈડી નિષ્ણાત તરીકે હતો : સૈફુલ્લાહ પર ૧૫ લાખનું ઇનામ પણ હતું : અન્ય એક આતંકવાદીની ધરપકડ કરાઈ

શ્રીનગર, તા. ૧

જમ્મુ-કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં ભારતીય સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સીઆરપીએફના સંયુક્ત ઓપરેશનમાં હિઝબુલ મુજાહિદ્દીનના ટોચના કમાન્ડર અને એ કેટેગરીના આતંકવાદી સૈફુલ્લાહને મોતને ઘાટ ઉતાર્યા છે. આ મુકાબલો શ્રીનગરના રંગરેથ વિસ્તારમાં થયો હતો, ત્યારબાદ સેનાએ અહીં મોટી સંખ્યામાં સૈનિકો તૈનાત કર્યા છે. જોકે, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાએ સૈફુલ્લાહના મોત અને ઓળખ અંગે સત્તાવાર રીતે કોઈ નિવેદન જારી કર્યું નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાએ શ્રીનગરના રંગરેથ વિસ્તારમાં બે ટોચના હિઝબુલ આતંકવાદીઓને છુપાવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. ઈનપુટ્સના આધારે, આર્મીના રાષ્ટ્રીય રાઈફલ્સ, જમ્મુ-કાશ્મીર પોલીસના એસઓજી અને સીઆરપીએફના જવાનોએ અહીં સંયુક્ત કાર્યવાહી શરૂ કરી હતી. પ્રારંભિક એક્રાઉન્ટર દરમિયાન જ, ત્રાસવાદીઓએ અહીં હિંસક પ્રદર્શન કરીને કામગીરીને વિક્ષેપિત કરવાનો પ્રયાસ કર્યો હતો. તેના જવાબમાં સીઆરપીએફે આંસુ ગેસના શેલ ફટકાર્યા અને દરેકને સ્થળ પરથી હાંકી કાઢ્યા. આતંકીઓને રંગરેથ

● અનુસંધાન પાન-૭ પર



# બ્રિટનમાં ફરી એક મહિનાના લોકડાઉનની જાહેરાત કરાઈ

## પાંચ નવેમ્બરથી ૨ ડિસેમ્બર સુધી લોકડાઉન લાગુ રહેશે બ્રિટનમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦ લાખની પાર પહોંચી

લંડન,તા.૧

બ્રિટનમાં કોરોના વાઈરસના કેસ વધી જતાં ફરી એક મહિનાનું લોકડાઉન લાગુ કરવામાં આવશે. આ લોકડાઉન પાંચમી નવેમ્બરથી શરૂ થશે અને ૨ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. બ્રિટનના વડા પ્રધાન બોરીસ જોન્સને આ નિર્ણયની જાહેરાત કરી છે. જોન્સનના વૈજ્ઞાનિક સલાહકારોએ કહ્યું છે દેશ પાસે વાઈરસને ફેલાતો અટકાવવા માટે આ એકમાત્ર રસ્તો છે.

સેજ સમિતિના વૈજ્ઞાનિકોએ કાલે ૧૦ નામથી એક આંકડો રજૂ કર્યો હતો, જેનાથી માલૂમ પડે છે કે કોવિડ-૧૯થી તેમના દ્વારા સૌથી ખરાબ સ્થિતિના આકલન સામે કોરોના વાઈરસ ઝડપથી પ્રસરી રહ્યો છે. હાલમાં બ્રિટનમાં વાઈરસના પ્રસારમાં ઝડપથી વધારો થયો છે. કેબિનેટનાં સૂત્રોએ જણાવ્યું હતું કે લોકડાઉનનું એલાન આવતા સપ્તાહે થવાની ધારણા છે. જોકે એ સ્પષ્ટ નથી કે લોકડાઉન કયા સ્વરૂપે લાગુ થશે અને ક્યાં સુધી લાગુ કરવામાં આવશે. જોકે આવશ્યક ચીજવસ્તુઓનાં વેચાણ સિવાયની બધી દુકાનો બંધ રહેવાની શક્યતા છે. આ સિવાય સ્કૂલો અને યુનિવર્સિટીઓને બંધ કરવામાં આવે એવી શક્યતા છે.

નવા વર્ષથી પહેલાં પ્રધાનો દ્વારા રજૂ કરવામાં આવેલા અંદાજ પ્રમાણે દૈનિક ધોરણે ૪૦૦૦ લોકોનાં મોત થવાનો અંદાજ છે, એમ બીબીસીનો અહેવાલ કહે છે.

વડા પ્રધાન બોરિસ જોન્સન સોમવારે એક પત્રકાર પરિષદમાં લોકડાઉનની જાહેરાત કરે એવી

# હવે પસંદગીના રેલવે સ્ટેશન પર યૂઝર ચાર્જ વસૂલ કરાશે

## યૂઝર્સ ડેવલપમેન્ટ સ્કીમ પણ લાગુ કરવાની તૈયારી : હાલમાં પ્લેટફોર્મ ટિકિટનો ભાવ ૧૦ રૂપિયા છે, જેને વધારી ૨૦ રૂપિયા કરાશે

નવી દિલ્હી, તા. ૧

ભારતીય રેલવે કોરોના સંકટની વચ્ચે પોતાની કમાણીમાં



વધારો કરવા માટે ટ્રેન પેસેન્જર્સને મોટો આંચકો આપવાની તૈયારી કરી રહી છે. તેના માટે રેલવે દેશના કેટલાક ખાસ સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટ નો ભાવ બમણો કરવા પર વિચાર કરી રહી છે. મોટાભાગના સ્ટેશનો પર હાલમાં પ્લેટફોર્મ ટિકિટનો ભાવ ૧૦ રૂપિયા છે, જેને વધારીને ૨૦ રૂપિયા કરી દેવામાં આવશે.

આ ઉપરાંત યૂઝર્સ ડેવલપમેન્ટ સ્કીમ પણ લાગુ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ નવેમ્બર ૨૦૨૦માં દેશના ૧૨૧ સ્ટેશનો પર યૂડીએફ લાગુ કરી દેવામાં આવશે. આ સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટનો ભાવ વધારવામાં આવશે. દેશના ૧૦૫૦ સ્ટેશનો પર પેસેન્જર્સ પાસેથી વસૂલવામાં આવી શકે છે યૂઝર ચાર્જ - રેલવે બોર્ડના ચેરમેન અને સીઈઓ વિનોદ કુમાર યાદવે ૧૮ સપ્ટેમ્બરે જણાવ્યું હતું કે એરપોર્ટ્સ પર વસૂલવામાં આવી રહેલા યૂઝર ચાર્જની જેમ કેટલાક સ્ટેશનો પર પેસેન્જર્સ પાસેથી યૂઝર ચાર્જ લેવામાં આવશે. ભારતીય રેલવેએ કહ્યું હતું કે કુલ રેલવે સ્ટેશનોના ૧૦થી ૧૫ ટકા સ્ટેશનો પર યૂઝર ચાર્જ લેવામાં આવશે. સાથોસાથ રેલવે બોર્ડના ચેરમેન અને સીઈઓ વિનોદ

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાથી સંક્રમિત તમિલનાડુના કૃષિ મંત્રીનું નિધન

ચેન્નાઈ,તા.૧

કોરોના વાયરસથી સંક્રમિત તમિલનાડુના કૃષિ મંત્રી આર દોરાઈક્કન્નૂનું શનિવારે મોડી રાતે નિધન થયું છે. તેઓ ચેન્નઈની કાવેરી હોસ્પિટલમાં દાખલ હતા. આર દોરાઈકન્નૂને ૧૩ ઓક્ટોબરે શ્વાસ લેવામાં તકલીફ થતાં હોસ્પિટલે દાખલ કરવામાં આવ્યા હતા. શનિવારે કાવેરી હોસ્પિટલના કાર્યકારી ડાયરેક્ટર ડૉ અરવિંદ સેલ્વરાજે સ્વાસ્થ્ય બુલેટિનમાં જણાવ્યું હતું કે સોમવારે મંત્રીનો ગંભીર નિમોનિયાનો ઈલાજ શરૂ કરાયો હતો. અન્ય કેટલીય બીમારીઓ હોવાથી મહત્વના અંગોએ કામ કરવાનું બંધ કરી દીધું હતું. સીટી સ્કેન મુજબ તેમના ફેફસાનો ૯૦ ટકા ભાગ સંક્રમિત છે અને તેમને ઈસીએમઓ અને વેંટિલેટર પર રાખવામાં આવ્યા હતા. દોરાઈક્કન્નૂને કેટલાક દિવસ પહેલાં શ્વાસ લેવામાં તકલીફ થવાની ફરિયાદ બાદ હોસ્પિટલે દાખલ કરવામાં આવ્યા હતા.

# એકબાજુ ડબલ એન્જિનની સરકાર અને બીજીબાજુ ડબલ યુવરાજ: મોદી

## પરિવારવાદ પર મોદીનો પ્રહારઃ આ લોકો પુત્ર, પુત્રી અને જમાઈને જિલ્લાઓ વહેંચે છે, યુપીમાં ડબલ-ડબલ યુવરાજનું થયું તે બિહારમાં પણ થશે

છપરા,તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહાર ચૂંટણીના બીજા તબક્કાના મતદાન પહેલાં છપરા સહિત ત્રણ ચૂંટણી રેલીઓને સંબોધી હતી. તેમણે જનતાને બિરદાવતા કહ્યું કે, આ એક અદભૂત નજારો છે. અહીંના લોકોનો ઉત્સાહ જોવા લાયક છે. પહેલા તબક્કાના મતદાનથી સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે નીતિશબાબુના નેતૃત્વમાં બિહારમાં ફરીથી એનડીએની સરકાર બની રહી છે. પહેલા તબક્કાના મતદાનમાં તમે એનડીએને જે ભારે સમર્થનના

● અનુસંધાન પાન-૭ પર



# આઈપીએલમાંથી સન્યાસ લેવાની કોઈ ઈચ્છા નથી : ધોની

નવી દિલ્હી, તા. ૧

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૦ (આઈપીએલ ૨૦૨૦) દરમિયાન ચેન્નાઈ સુપર કિંગ્સનું પ્રદર્શન ખૂબજ ખરાબ રહેતા કેન્ટન ધોનીની આગેવાની હેઠળની ટીમ પહેલીવાર પ્લેઓફમાં ક્વોલિફાઈ ન કરી શકી. ચેન્નાઈ સુપરકિંગ્સની નાકામી વચ્ચે આફવાઓ ચાલી હતી કે આ ધોનીની છેલ્લી આઈપીએલ હોઈ શકે છે. એવું કહેવામાં આવતું હતું કે, ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી અલવિદા કહેનાર ધોની હવે આઈપીએલને પણ બાય બાય કરી શકે છે. પરંતુ આવું થયું નહીં. કિંગ્સ ઈલેવન પંજાબ વિરુદ્ધ સીએસકેની છેલ્લી મેચમાં ધોનીએ જાહેરાત કરી દીધી કે તેઓ આઈપીએલમાં રમતા રહેશે. અને અત્યારે આઈપીએલમાંથી સન્યાસ લેવાનો તેમનો કોઈ ઈરાદો નથી. એમએસ ધોનીએ જ્યારે આઈપીએલ ૨૦૨૦માં છેલ્લી વખત ટોસ કરવા માટે આવ્યા તો કમેન્ટેટર ડેની મોરિસને પૂછ્યું કે શું તમે પીળી જર્સીમાં છેલ્લી આઈપીએલ મેચ રમશો? આ અંગે ધોનીએ સીધો જવાબ આપ્યો હતો કે બિલકુલ નહીં, આ મારી પીળી જર્સીમાં છેલ્લી મેચ નથી. ઉલ્લેખનીય છે કે આના પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સના સીઈઓએ પણ કહ્યું કે ધોની આગામી સિઝનમાં ચેન્નાઈ સુપરકિંગ્સની કેપ્ટનશિપ કરતા દેખાશે.



# અમેરિકાની ચૂંટણીમાં ભારતીય અમેરિકન મતો નિર્ણાયક બનશે

## ડેમોક્રેટિક નેશનલ કમિટીના પ્રમુખ થોમસનું નિવેદન

વોશિંગ્ટન,તા.૧

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ ૩ નવેમ્બરની ચૂંટણીને અમેરિકાના ઈતિહાસમાં 'સૌથી મહત્વપૂર્ણ' ગણાવી છે. આ માટે બંને રિપબ્લિકન અને ડેમોક્રેટિક પક્ષો ભારતીય-અમેરિકન સમુદાયને જાહેરાતો, ભાષણોથી આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. ડેમોક્રેટિક નેશનલ કમિટીના પ્રમુખ થોમસ પેરેઝએ કહ્યું છે કે અમેરિકન ચૂંટણી માં ભારતીય અમેરિકન મતો નિર્ણાયક સાબિત થશે. ચર્ચા છે કે આ વખતે ભારતીય-અમેરિકન સમુદાય ચૂંટણીમાં કિંગમેકર સાબિત થશે.

એક અખબારના જણાવ્યા મુજબ અમેરિકામાં ૨૫.૭ કરોડ લોકો ૧૮ વર્ષથી વધુની ઉંમરના છે અને લગભગ ૨૪ કરોડ નાગરિકો મતદાન કરવા યોગ્ય છે. ૧૮ લાખ ભારતીય-અમેરિકન સમુદાયના લોકો માટે તે કયાંય વધુ મહત્વપૂર્ણ છે કારણ કે કેટલાક રાજ્યોમાં તેમની ભૂમિકા નિર્ણાયક સાબિત થવાની છે. ફ્લોરિડા યુનિવર્સિટી ખાતે અમેરિકન ચૂંટણી પ્રોજેક્ટ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં આઠ કરોડથી વધુ લોકો તેમના મતાધિકારનો ઉપયોગ કરી ચૂકયા છે. તેની સાથે જ એક સદી કરતાં પણ વધુમાં મહત્તમ ભાગીદારી માટે મંચ તૈયાર થઈ ચૂકયો છે.

પ્રારંભિક મતદાતા માહિતી કેન્દ્ર સંચાલિત કરનાર રીડ કોલેજમાં રાજકીય વિજ્ઞાનના પ્રોફેસર પૌલ ગ્રોકે જણાવ્યું હતું કે, અમે ખૂબ જ ઉત્સાહિત, રસ ધરાવતા ચૂંટણી મંડળ જોઈ રહ્યા છીએ અને શરૂઆતમાં જ મદાન કરવાના સંદેશની જરૂરિયાતને સમજનાર પ્રજા જોઈ રહી છે.




સ્વ. કુંદનબેન બી. શુક્લ
આસોવદ બીજ - સંવત-૨૦૫૨
સ્વર્ગવાસ : ૨૮ ઓક્ટોબર-૧૯૯૬

ચોવીસમી વાર્ષિક પુણ્યતિથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ

જીવન એવું જીવી ગયા કે,
કદી ભુલાય નહિ,
વિદાય એવી અણધારી લીધી કે
મૃત્યુ પણ રડી ઉઠ્યું.
આજે ૨૪ વર્ષ બાદ પણ આપની
સ્મૃતિ પળેપળ અમારી સાથે છે
આપનો પ્રેમાળ સ્વભાવ, કાર્યશૈલી,
પારિવારિક ભાવના અમને પ્રેરક બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

બી. એ. શુક્લ IAS (નિ.)
(પૂર્વ કલેક્ટર, ગાંધીનગર)
ડો. વિરાજ - દેવાંગ (મેનેજર, યુ.એસ.એ.)
ડો. કાનન - ડો. કલ્પેશ
પ્રોફ. સોનલ - ધવલ (સી.એસ.)
ભાવિન (એડવોકેટ)
આદિત્ય, અંબિકા, મૈત્રી, પવિત્રા, પ્રાંજલ,
શ્રીધા, તથા સમસ્ત પરિવાર

પદ્મશ્રી સ્વ. ડો. એચ. એલ. ત્રિવેદી
(પૂર્વ ડાયરેક્ટર - કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ)
શ્રીમતી સુનિતાબેન. એચ. ત્રિવેદી (વિદુષી)
સ્વ. હરિપ્રસાદ ત્રિવેદી, સ્વ. પદ્માબેન ત્રિવેદી
(પૂર્વ ડાયરેક્ટર, એગ્રી.)
સ્વ. સત્યકામ દવે (પૂર્વ ડેપ્યુટી કલેક્ટર)
સ્વ. સુશીલાબેન દવે (વિદુષી)
પ્રો. કાર્તિક ત્રિવેદી (યુ.એસ.એ.) (આર્ટીસ્ટ)
તથા સમસ્ત પરિવાર